જા.નં. મા-૨/સ્પર્ધા/૨૦૨૧/ ૭૨૦૩

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
એ/૩, જિલ્લા સેવાસદન-૨,
અઠવાલાઇન્સ, સુરત
તા. ૦૪/૦૬/૨૦૨૧

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત જિલ્લાની તમામ માધ્યમિક અને ઉ.મા શાળાઓ તરફ.

વિષય:- વિશ્વ પર્યાવરણ નિમીતે નિબંધ સ્પર્ધાના આયોજન બાબત.

જયભારત સહ ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે, ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ દ્વારા વિશ્વ પર્યાવરણ ઉજવણી નિમીતે નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે. તો આપની શાળામાંના વિદ્યાર્થીઓ નિબંધો મેળવી આ સાથે પત્રમાં દર્શાવેલ ઇ મેઇલ એડ્રેસ પર મોકલી આપશો.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત.જિલ્લા.સુરત

# નિબંધ સ્પર્ધા માર્ગદર્શિકા ૨૦૨૧

દર વર્ષે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી કરવામાં આવે છે. આ વર્ષે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણીના ભાગરૂપે નિબંધ સ્પર્ધાનુ આયોજન કરવામાં આવેલ છે. જેમાં સ્કુલ, કોલેજના વિદ્યાર્થીઓ તથા અન્ય લોકો ગ્રુપ મુજબ ભાગ લઇ શકશે.

**નિબંધના સ્પર્ધાના વિષયો:**

૧. પ્લાસ્ટીક વેસ્ટની જૈવવિવિધતા પર અસરો

૨. જીવ સૃષ્ટીનું પુન:સ્થાપન- જળ/ જમીન

૩. પર્યાવરણના સંરક્ષણ માટે મારો ફાળો

૪. મ્યુનિસિપલ ઘન કચરો-પડકારો અને નિરાકરણ

**રોકડ પુરસ્કાર:**

૧) જીલ્લા કક્ષાએ પસંદગી સમિતિ દ્વારા જાહેર કરવામાં આવેલ વિજેતાઓને નીચેના કોષ્ટક મુજબ રોકડ ઇનામ આપવામાં આવશે:

| વિજેતા | રોકડ ઇનામ |
|---|---|
| પ્રથમ ઇનામ | રૂ. ૨૦૦૦/- |
| બીજું ઇનામ | રૂ. ૧૦૦૦/- |
| ત્રીજું ઇનામ | રૂ. ૫૦૦/- |

૨) જીલ્લાકક્ષાએ પ્રથમ વિજેતા ઉમેદવારના નિબંધને રાજ્યકક્ષાએ પસંદગી સમિતિ સમક્ષ રજુ કરવામાં આવશે. રાજ્યકક્ષાએ પસંદગી સમિતિ દ્વારા જાહેર કરવામાં આવેલ વિજેતાઓને નીચેના કોષ્ટક મુજબ રોકડ ઇનામ આપવામાં આવશે:

| વિજેતા | રોકડ ઇનામ |
|---|---|
| પ્રથમ ઇનામ | રૂ. ૪૦૦૦/- |
| બીજું ઇનામ | રૂ. ૨૦૦૦/- |
| ત્રીજું ઇનામ | રૂ. ૧૦૦૦/- |

**નિબંધ માર્ગદર્શિકા:**

૧. નિબંધ કોઇપણ એક વિષય પર લખવાનો રહેશે.

૨. નિબંધ ગુજરાતી ભાષામાં લખવાનો રહેશે. એ-૪ સાઇઝના પેપર પર સરસ રીતે ૧૨ સાઇઝના શ્રુતિ ફોન્ટમાં અને ૯૦૦ શબ્દો સુધી મર્યાદિત હોવો જોઈએ.

૩. નિબંધમાં નીચેના મુદ્દાઓ સામેલ કરવાના રહેશે:

- વિષય પરિચય

Email Address: ro-gpcb-sura@gujarat.gov.in
Contact No: 9825329663.

- સમસ્યા, સમાધાન, અભિગમ, ઉપચારો વિગેરે.
- નિષ્કર્ષ, નિબંધમાં પ્રસ્તુત કાર્ય અને વિશ્લેષણનો સારાંશ.

૪. નિબંધની શરૂઆતમાં ભાગ લેનારનું નામ, સંસ્થાનું નામ અને સરનામુ તેમજ ભાગ લેનારનો સંપર્ક નંબર, નિબંધની ઉપર ઇમેઇલ આઈડીનો ઉલ્લેખ કરેલ હોવો જોઇએ.

૫. નિબંધના આકારણીમાં નીચેના માપદંડોનો ઉપયોગ કરવામાં આવશે:
- વિષય વસ્તુ
- મૌલિકતા
- સ્પષ્ટતા
- માળખું

૬. સ્પર્ધા માટે ફક્ત મૌલિક નિબંધ ધ્યાનમાં લેવામાં આવશે. અગાઉ પ્રકાશિત થયેલ નિબંધ કે બીજા કોઇના લખાણની નકલ કરેલ નિબંધ ગેરલાયક ઠરાવવામાં આવશે.

૭. ભાગ લેનારના ગ્રુપ નીચે મુજબ રહેશે તથા તે મુજબ દરેક ભાગલેનારે પોતાનો નિબંધ રજુ કરવાનો રહેશે.

| ક્રમ | ભાગ લેનારના ગ્રુપ |
|---|---|
| અ | ધો. ૭ સુધીના વિદ્યાર્થીઓ |
| બ | ધો. ૮ થી ૧૨ ના વિદ્યાર્થીઓ |
| ક | કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ |
| ડ | અન્ય તમામ (જેમાં વય મર્યાદાનો બાધ નથી) |

૮. ભાગ લેનાર કોઇપણ એક ગ્રુપમાં અને એક જ ભાષામાં નિબંધ રજુ કરી શકશે.

૯. પસંદગી સમિતિમાં બોર્ડના કર્મચારી/અધિકારી સિવાયના ઓછામાં ઓછા ત્રણ તજજ્ઞ રાખવાના રહેશે.

૧૦. રોકડ ઇનામ દરેક ગ્રુપમાં ગુજરાતી તથા અંગ્રજી બન્ને ભાષામાં આપવામાં આવશે.

૧૧. ભાગલેનારે નિબંધની સાથે સ્કુલ/ કોલેજનું આઇ.ડી. પ્રુફ અને/ અથવા સરનામાનો પુરાવો રજુ કરવાનું રહેશે.

<u>સબમિશન પ્રક્રિયા:</u>

- નિબંધ એક જ PDF ફાઇલ તરીકે તા. ૦૫/૦૬/૨૦૨૧ થી તા. ૧૦/૦૬/૨૦૨૧ ના સમયગાળામાં જીલ્લા પ્રમાણે નીચે મુજબના ઇ-મેઇલ પર સબમિટ કરવાનુ રહેશે.

4/6/21